# સરદાર પટેલ યુનિવર્સીટી

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦ (ગુજરાત) ભારત

નેક રી-એક્રીડેશન સીજીપીએ ૩.૧૧ ગ્રેડ - ' એ '

નં:ડી/બી/૨૪-૨૫/[illegible]

એકેડેમીક વિભાગ
તા. ૧૬-૮-૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી/વડાશ્રી/ડાયરેક્ટરશ્રી,
યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/ઇન્સ્ટિટ્યુટસ
સરદાર પટેલ યુનિવર્સિટી

પ્રતિ:
વડાશ્રીઓ,
યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગો
સરદાર પટેલ યુનિવર્સિટી

વિષય: વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન બાબતે અગત્યની સુચના.

સુજ્ઞશ્રી/સુશ્રી,

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં સંબંધકર્તા સર્વેને જણાવવાનું કે આપની કોલેજ/ઇન્સ્ટિટ્યુટમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં સ્નાતક અને અનુસ્નાતક તેમજ ડિપ્લોમાં કોર્સ, પી. જી. ડિપ્લોમાંના અભ્યાસક્રમના પ્રથમ સેમેસ્ટરમાં GCAS પોર્ટલ દ્વારા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ નીચે દર્શાવ્યા મુજબ ઓનલાઇન (http://ums.spuportal.in માં) ભરવાની જવાબદારી જે તે કોલેજ ડિપાર્ટમેન્ટ અથવા ઇન્સ્ટિટ્યુટની રહેશે.

| અ.નં | વિગત | વિદ્યાર્થી દીઠ ફી | વિદ્યાર્થી દીઠ લેઇટ ફી(કોડ નં-૩૦૭૭૭) | ઓનલાઇન ફોર્મ ભરવાની તારીખ | હાર્ડ કોપી તથા ફી જમા કરાવવાની તારીખ | લેઇટ ફી સાથે ફોર્મ ભરવાની તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | એનરોલમેન્ટ ફી (સ્નાતક વિદ્યાર્થીઓ માટે) | ૫૦/- | ૧૫૦/- | ૨૧/૦૯/૨૪ થી ૦૨/૦૯/૨૪ | ૦૩/૦૯/૨૪ થી ૦૬/૦૯/૨૪ | ૦૯/૦૯/૨૪ થી ૧૩/૦૯/૨૪ |
| ૨ | રજીસ્ટ્રેશન ફી (તમામ અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે તથા બી.એડ./ બી.એડ.(Special) /એલ.એલ.બી./ બી.લીબના વિદ્યાર્થીઓ માટે) | ૫૦૦/- | ૧૦૦/- | ૨૧/૦૮/૨૪ થી ૦૨/૦૯/૨૪ | ૦૩/૦૯/૨૪ થી ૦૬/૦૯/૨૪ | ૦૯/૦૯/૨૪ થી ૧૩/૦૯/૨૪ |
| ૩ | FEC (ફાઈનલ એલીજીબીલીટી સર્ટિ./અસલ માઈગ્રેશન જમા ) | -- | ૧૦૦૦/- | -- | અસલ માઈગ્રેશન ૩૦-૦૯-૨૪ સુધી | ૦૩-૧૦-૨૦૨૪ |

ઓનલાઇન ભરેલા ફોર્મનો રીપોર્ટ નિયત કરેલ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફી સહીત યુનિવર્સિટીના એકેડેમિક વિભાગમાં હાર્ડ કોપી સહિત જમાં કરાવવાનો રહેશે. અંતિમ તારીખ બાદ કોઇપણ એનરોલમેન્ટ કે રજીસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. તથા તેવા વિદ્યાર્થીઓના **પ્રવેશની સંપૂર્ણ જવાબદારી જેતે આચાર્યશ્રી/વડાશ્રીની રહેશે જેની ખાસ નોંધ લેવી.**

વધુમાં જણાવવાનું કે, યુનિવર્સિટી દ્વારા એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશનની કાર્યવાહી ઓનલાઇન પદ્ધતિથી કરવામાં આવતી હોઇ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશનના ફોર્મ (હાર્ડ કોપી) આપવામાં આવશે નહી. જેથી વિદ્યાર્થીઓના પ્રવેશની સાથે જ ઓનલાઇન એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશનની કાર્યવાહી (http://ums.spuportal.in માં) શરૂ કરવાની રહેશે.

વધુમાં, આપની કોલેજમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ કે જેઓ અન્ય યુનિવર્સીટી (સરદાર પટેલ યુનિવર્સીટી સિવાય) અથવા અન્ય બોર્ડ (ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાય) માંથી પરીક્ષા પાસ કરી આ યુનિવર્સીટી સંલગ્ન કોલેજો/વિભાગમાં <u>પ્રવેશ મેળવેલ પ્રવેશ સમયે ઓરીજીનલ દસ્તાવેજો ચકાસણી કર્યા બાદ</u> પ્રવેશ ફાળવેલ હોય તેવા વિદ્યાર્થીઓનું <u>અલગથી PEC ફોર્મ હાર્ડ કોપીમાં ભરાવવાની જરૂરિયાત રહેતી નથી.</u> પરંતુ કોલેજ/વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના એનરોલ્મેન્ટ/રજીસ્ટ્રેશન કરવામાં આવશે તેની સાથે PEC નંબર સીસ્ટમ દ્વારા ઓટોમેટીક જનરેટ કરવામાં આવશે તથા આવા વિદ્યાર્થીદીઠ રૂ. ૫૦/- PEC Fees એનરોલ્મેન્ટ/રજીસ્ટ્રેશન ફી સાથે જં યુનિવર્સીટીમાં જમા કરાંવવાની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

વધુમાં, આવા વિદ્યાર્થીઓના તા..૩૦-૦૯-૨૦૨૪ સુધીમાં અસલ માઈગ્રેશન સર્ટિફિકેટ કોલેજ દ્વારા એકત્રિત કરી એક ફાઈલ બનાવી (કોલેજના Forwarding(રવાના) પત્રમાં, વિદ્યાર્થીના નામ અનુસાર માઈગ્રેશનના ક્રમાંક સાથે, પત્રકમાં (૧) વિદ્યાર્થીનું નામ, (૨) PEC નં, (૩) માઈગ્રેશન નં અને (૪) માઈગ્રેશન તારીખ સાથે) યુનિવર્સીટીના એકેડમિક વિભાગમાં જમા કરાવવી અને ફાઈનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (FEC) નંબર યુનિવર્સીટી દ્વારા જનરેટ કરવામાં આવશે. ઉપરોકત સમય મર્યાદામાં કોલેજ/વિભાગ દ્વારા અસલ માઈગ્રેશન સર્ટિફિકેટ જમા નહિ કરાવવામાં આવે તો તેની જવાબદારી જે-તે કોલેજ/વિભાગના આચાર્ય/વડાશ્રીની રહેશે.

તારીખ ૦૩-૧૦-૨૦૨૪ સુધીમાં અસલ માઈગ્રેશન સર્ટિફિકેટ જમા નહિ કરાવવામાં આવે તો યુનિવર્સીટીના નિયમ મુજબ વિદ્યાર્થીદીઠ રૂ. ૧૦૦૦/- લેઈટ ફી લેવામાં આવશે તથા આવા તમામ <u>વિદ્યાર્થીઓના પ્રથમ સેમેસ્ટરના પરીક્ષાઓના પરિણામ પેન્ડીંગ</u> કરવામાં આવશે તેની ખાસ નોંધ લેવા જાણ કરવામાં આવે છે.

<u>નોંધ: સ્નાતક અને અનુસ્તાનક કક્ષાના પ્રવેશ નિયમો ૨૦૨૪-૨૫ માં Cancellation of admission & Refund of fees માટે Last date of admission ની સ્નાતક કક્ષાએ ૩૧-૦૮-૨૦૨૪ તથા અનુસ્નાતક કક્ષાએ ૩૧-૦૮-૨૦૨૪ ગણવાની રહેશે.</u>

<u>ખાસ નોંધ:</u>

<u>(૧) Autonomous ધરાવતી કોલેજોએ (B.Voc અભ્યાસક્રમ સિવાય) ઉપરોકત શીડયુલ મુજબ જ એનરોલ્મેન્ટની કાર્યવાહી કરવાની રહેશે.</u>

(૨) કોલેજ દ્વારા સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવતા <u>વિદ્યાર્થીના નામ ધો-૧૨/સ્નાતક કક્ષાની માર્કશીટ મુજબ ખાસ ચકાસવા</u> જો નામમાં કોઈ ભૂલ હોય તો કોલેજના લોગીન દ્વારા GCAS ના પોર્ટલ પર Allotment માં "EDIT" કરવા ખાસ જણાવવામાં આવે છે.

(૩) આ સાથે બિડેલ યુનિવર્સીટીના પરિપત્ર મુજબ નં. ડી/ઈ/૧૦/૧૦૫૨ તા.૨૯-૫-૨૦૨૪ ના અનુસંધાનમાં મુજબ કોલેજે એનરોલ્મેન્ટ સાથે અલગથી (1) "Undertaking" અને (2) "પત્રક" –(સ્નાતક કક્ષાએ ગુજરાત બોર્ડ/CBSC બોર્ડ અને અનુસ્નાતક કક્ષાએ Sardar Patel University સિવાય પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓની યાદી આપવાની રહેશે.

કુલસચિવ

<u>નકલ રવાના:</u> (૧) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી કરવા સારૂ. તથા સદર પત્રને યુનિવર્સિટી વેબસાઇટ ઉપર મુકવા સારૂ. તથા લેઈટ ફીનો કોડ નં ૩૦૭૭૭ પોર્ટલ ઉપર કરવા સારૂ.

(૨) વડાશ્રી,પરીક્ષા વિભાગ,સ.પ.યુનિવર્સીટી, તરફ જરૂરી જાણ સારૂ.

(૩) વડાશ્રી, હિસાબ વિભાગ, સ.પ.યુનિવર્સીટી, તરફ ઘટતી કાર્યવાહી કરવા સારૂ

(૪) વડાશ્રી, સ્કોલરશીપ વિભાગ, સ.પ.યુનિવર્સીટી, તરફ જરૂરી જાણ સારૂ.

(૫) વડાશ્રી, ફીઝીકલ એજ્યુકેશન વિભાગ, સ.પ.યુનિવર્સીટી, તરફ જાણ સારૂ.

# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA

Website : www.spuvvn.edu Phone : 91-02692- 226807


એકેડેમિક વિભાગ

## પરિપત્ર

વિષય : GCASની સૂચના અનુસાર વિભાગ/કોલેજ/ઇન્સ્ટીટયૂટે કરવાની થતી કામગીરી બાબત.

આથી સંબંધકર્તા સર્વેને જણાવવાનું કે, તારીખ : ૧૩/૦૫/૨૦૨૪ના રોજ મળેલ રોજ મળેલી કેન્દ્રિય પ્રવેશ સમિતિની ભલામણ ક્રમાંક : ૪ અને GCASની સુચના મુજબ દરેક કોલેજ/વિભાગ/ઇન્સ્ટીટયૂટે વિદ્યાર્થીઓના પ્રવેશ યુનિવર્સિટી તથા GCASના પોર્ટલ પર લોક કરવાના રહેશે. આચાર્યશ્રી/વડાશ્રી તેમની કોલેજ/વિભાગમાં પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓની યાદી બનાવી યુનિવર્સિટીના નિયત નમુના મુજબ આચાર્યશ્રી/વડાશ્રીએ સહિ સિક્કા સહિત "Undertaking" યુનિવર્સિટીને નિયત સમય મર્યાદામાં આપવાનું રહેશે. કોલેજ/વિભાગના આચાર્યશ્રી, વડાશ્રીએ સ્નાતક વિદ્યાર્થીઓ માટે ગુજરાત બોર્ડ અને CBSC બોર્ડ સિવાયના તથા અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે SPU સિવાયના તમામ પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓના દસ્તાવેજો નિયત સમય મર્યાદામાં યુનિવર્સિટી ખાતે મોકલી આપવાના રહેશે.

વધુમાં જણાવવાનું કે કોલેજ/વિભાગ ખાતે પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓનો પ્રવેશ લોક કરતાં પહેલા વિદ્યાર્થીઓના તમામ અસલ દસ્તાવેજો તથા Eligibilityની ચકાસણી કરી ખરાઇ કરવાની સંપૂર્ણ જવાબદારી કોલેજ/વિભાગના આચાર્ય/વડાશ્રીની રહેશે.

વિદ્યાર્થીના દસ્તાવેજોની ખરાઇમાં કોલેજ/વિભાગને કોઇ ગૂંઝવણ કે મુશ્કેલી જણાય તો જે તે કોલેજ/વિભાગે યુનિવર્સિટીનો સંપર્ક કરી માર્ગદર્શન લેવાનું રહેશે.

બિડાણ : ૧) Undertakingનો નમૂનો ૨) માહિતી પત્રકનો નમુનો

નં. ડી/ઇ/૧૦/૧૦૫૨
તારીખ : ૨૯/૫/૨૦૨૪
વલ્લભ વિદ્યાનગર

કુલસચિવ

નકલ રવાના :
૧. સર્વે કોલેજ/વિભાગ/ઇન્સ્ટીટયૂટ તરફ કાર્યવાહી સારૂ.
૨. પ્રિ. ઉર્વી પી. દવે, કલસ્ટર કૉ-ઓર્ડિનેટર, ભાઇકાકા સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સોજીત્રા

**This Undertaking is to be given on Department/College/Institute Letterhead**

Date:

**UNDERTAKING**

On behalf of the Department/College/Institute I undertake

that, this Department/College/Institute shall carry out all the admission process strictly as per the guidelines provided by the Gujarat Common Admission Services(GCAS) and Admission Committee, Sardar Patel University and in a fair, transparent and non-exploitative method.

that, all the original documents of the candidates shall be verified personally and shall certify that the candidate fulfils the eligibility criteria as per the rules of the Sardar Patel University, otherwise college/Department shall be responsible for any legal consequences arrise if any.

that, the admission process in the Department/College/Institute shall be carried out strictly as per the admission schedule provided by the Gujarat Common Admission Services(GCAS) and Admission Committee, Sardar Patel University.

that, student shall be admitted in their Department/College/Institute strictly on the merit basis, prepared by the Admission Committee, Sardar Patel University.

that, in-case of cancelation of admission by the student, Department/College/Institute shall refund the fees as per the UGC norms.

that, the Department/College/Institute shall not possess any original documents from the candidates during the admission process.

that, the Department/College/Institute shall inform student regarding attendance criteria, passing criteria and carry forward criteria of the Sardar Patel University.

that, in the event of violation of any clauses of this undertaking, the Sardar Patel University will be free to take appropriate punitive and/or legal action which will be binding to the institute.

(Department/College/Institute) Head/Principal's name and signature

## માહિતી પત્રકનો નમૂનો

## પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓની યાદી

અભ્યાસક્રમ : ____________

| નં. | વિદ્યાર્થીનું નામ | એપ્લીકેશન નંબર | બોર્ડ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

તારીખ :

સ્થળ :

આચાર્યશ્રી/વડાશ્રીની સહિ
સિક્કો